ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૧-૦૮-૨૦૧૮

અધિસૂચના ક્ર. ગવન/૨૦૧૮/(૪૫)/વનમ/૧૦૦૫/૧૧૨/ડ.૨ (ભાગ-૫)

ગુજરાત જાહેર સેવા આયોગના તા.૦૯/૦૪/૨૦૧૮ના પત્ર ક્રમાંક: આરસીટી/૨૧૯૩/૨૦૦૬/૪/ઇએક્સથી મદદનીશ વન સંરક્ષક, વર્ગ-૨ અને પરિક્ષેત્ર વન અધિકારી, વર્ગ-૨ ની જગ્યાએ નિમણૂક માટે ભલામણ કરેલ કુલ-૦૫ ઉમેદવારો પૈકીના નિયત લાયકાત ધરાવતાં આ સાથેના પરિશિષ્ટ મુજબના કૂલ-૦૪ ઉમેદવારોને સીધી ભરતીથી પરિક્ષેત્ર વન અધિકારી, વર્ગ-૨ (પે બેંડ રૂ. ૯,૩૦૦-૩૪,૮૦૦, ગ્રેડ પે રૂ. ૪,૪૦૦/-( Pre Revised Scale)) ની જગ્યાએ તદ્દન હંગામી ધોરણે નીચેની શરતોને આધીન નિમણૂક આપવામાં આવે છે.

(૧) પરિક્ષેત્ર વન અધિકારીની જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો મુજબ તેમની નિમણૂક બે વર્ષ માટે અજમાયશી તરીકે રહેશે.

(૨) અજમાયશી સમયગાળા દરમિયાન પરિક્ષેત્ર વન અધિકારીના પ્રવર્તમાન ભરતી નિયમોના નિયમ-૬ ની જોગવાઇ મુજબ રેન્જ ફોરેસ્ટ ઓફીસર્સના કોર્સની તાલીમ લેવાની રહેશે. સદરહુ ઉમેદવારોએ તાલીમ માટે સરકાર દ્વારા ઠરાવવામાં આવે તે સંસ્થા ખાતે તાલીમ માટે સ્વખર્ચે હાજર થવાનું રહેશે. તાલીમ માટે હાજર થવાની તારીખ અને સ્થળ હવે પછી જણાવવામાં આવશે.

(3) ઉપર મુજબ તાલીમમાં હાજર થયાની તારીખ તેમની નિમણૂકની તારીખ ગણાશે. નિયત સમયમર્યાદામાં હાજર થયેલ ઉમેદવારોની અંદરો અંદરની પ્રવરતા, ગુજરાત જાહેર સેવા આયોગની પસંદગી યાદીના તેમના મેરીટ ક્રમાંક મુજબ રહેશે.

(૪) કાબૂ બહારના સંજોગો સિવાય હાજર થવાની સમયમર્યાદામાં વધારો કરી આપવામાં આવશે નહિ. આવા પ્રત્યેક કિસ્સામાં પ્રવરતા અંગેના ગુણદોષના આધારે સક્ષમ સત્તાધિકારી દ્વારા નિર્ણય લેવામાં આવશે.

(૫) સદરહુ ઉમેદવારોએ સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નિયમાનુસારની ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે તેમજ ગુજરાતી કે હિન્દી અથવા બંને ભાષા પરીક્ષા પણ પાસ કરવાની રહેશે તેમજ સરકારશ્રીએ વખતો વખત સુધારેલ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇ મુજબ કોમ્પ્યુટર કૌશલ્યની નિયત પરીક્ષા પણ પાસ કરવાની રહેશે.

(૬) સદરહુ ઉમેદવારોએ નિયત નમૂના મુજબનું સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેટલી રકમનું અને તેટલા સમયનું જામીનખત આપવાનું રહેશે.

Forests & Environment Dep

(૭) અજમાયશી સમય દરમિયાન સદરહુ ઉમેદવારોએ ગુજરાત મુલ્કી સેવા નિયમો હેઠળ બીજા વર્ગના અધિકારીને મળતા નિયમાનુસાર મુસાફરી ભથ્થા, ઘરભાડા ભથ્થા, સ્થાનિક ભથ્થા ઇત્યાદિ મેળવવાને પાત્ર થશે. તેમજ તેમના પગાર ભથ્થા, મળવાપાત્ર પેશગીઓ તેમજ શિસ્ત અને વર્તણુંકને લગતી બાબતો વગેરે સરકારે વખતોવખત નક્કી કરેલા નિયમોની જોગવાઇઓને આધીન રહેશે.

(૮) સદરહુ ઉમેદવારોએ ગુજરાત સરકારના કાર્યક્ષેત્ર હેઠળ કોઇ પણ જગ્યાએ સેવાઓ આપવાની રહેશે. તેઓની નોકરી બદલીપાત્ર છે અને સરકારને જરૂર જણાય તે પ્રમાણે તેઓની બદલી કરી શકશે. તેમજ આ ઉમેદવારે જરૂર જણાય તો ભારતના સંરક્ષણ સાથે સંકળાયેલ કોઇ પણ સેવા અથવા તેને લગતી જગ્યાએ જો તાલીમનો સમય હોય તો તે સહિત ઓછામાં ઓછા ૪ (ચાર) વર્ષની મુદત માટે સેવા આપવી પડશે.

(૯) સદરહુ ઉમેદવારો જો એક વર્ષથી ઓછી સેવા દરમ્યાન રાજીનામુ આપવાની ઇચ્છા ધરાવે તો તેવા કિસ્સામાં ૭(સાત) દિવસની તથા ૧(એક) વર્ષથી વધુ સરકારી સેવા કરી હોય તેવા કિસ્સામાં ૧ (એક) માસની નોટીસ આપીને સરકારી સેવામાંથી રાજીનામું આપી શકાશે, તેમજ જે તે સમયે પ્રવર્તમાન નિયમોને આધીન રહીને ૧ (એક) માસની આગોતરી નોટિસ આપીને સરકાર પણ આ ઉમેદવારની નોકરીનો અંત લાવી શકશે.

(૧૦) સદરહુ ઉમેદવારોએ પરિક્ષેત્ર વન અધિકારી વર્ગ-૨ તરીકે હવાલો સંભાળે તે તારીખથી બે વર્ષ સુધી દરેક વર્ષે તેમની કામગીરીના મુલ્યાંકન અહેવાલો સામાન્ય વહીવટ વિભાગના તા.૯-૬-૮૯ ના પરિપત્ર ક્રમાંક: પીઆરઓ-૧૦૮૬-૫૦૬૮-ગ-૨ અન્વયે નિયત કરેલ પત્રકમાં-3 (ત્રણ) નકલમાં સરકારશ્રીને નિયમિત મોકલવાના રહેશે તેમજ સામાન્ય વહીવટ વિભાગના તા.30-3-૮૯ ના પરિપત્ર ક્રમાંક: પીઆરઓ-૧૦૮૧-૧૭-૯-ગ-૨ અન્વયે આપવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓનો અમલ કરવાનો રહેશે.

(૧૧) સદરહુ ઉમેદવારો જો નિયત પરીક્ષા નિયત કરેલા સમયમાં અને નિયત તકોમાં પાસ કરવામાં નિષ્ફળ જશે અને/અથવા જો અજમાયશી સમય દરમ્યાનની કામગીરી અંગે ઉપરી અધિકારીઓએ મોકલાવેલા અહેવાલના આધારે જો તેમની કામગીરી સંતોષકારક નહિ જણાય તો-

(૧) અજમાયશી સમય દરમ્યાન કોઇ પણ નોટિસ આપ્યા વગર તાત્કાલિક અસરથી નોકરીનો અંત લાવવામાં આવશે. આમ, અજમાયશી સમય દરમ્યાનની સેવા તદ્દન હંગામી અને કામચલાઉ ગણાશે.

અથવા

(૨) અજમાયશી મુદત લંબાવવાના પ્રસંગ ઉપસ્થિત થયે જે તે કેસના ગુણદોષના આધારે વિચારણા કરવામાં આવશે.

(૧૨) સદરહુ ઉમેદવારોએ નિમણૂકની જગ્યાએ હાજર થતા પહેલા સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.3/૧૨/૮૬ ના પરિપત્ર ક્રમાંક: સીડીઆર-૧૧૮૬-યુઓ-૨૨૪૪-ગ-૨ માં

જણાવ્યા મુજબ સોગંદ લેવાના રહેશે. તે મુજબના સોગંદ લીધા સિવાય તેમને નોકરીમાં હાજર થવા દેવામાં આવશે નહિ.

(૧૩) સદરહુ ઉમેદવારોએ નિમણૂકવાળી જગ્યાએ હાજર થતા પહેલા જો તેઓ અગાઉની સરકારી કે અર્ધસરકારી નોકરીમાં હોય તો તે સેવામાંથી યથાપ્રસંગ તેઓને ફરજમુક્ત કરવામાં આવ્યા છે તે અંગેનું અથવા તેમનું રાજીનામુ મંજૂર કરેલ છે તે અંગેનો આધાર હાજર થતી વખતે રજૂ કરવાનો રહેશે. તેમજ જો તેઓ હાલ નોકરીમાં ચાલુ હોય અને તેમણે અરજીપત્ર સાથે કે રૂબરૂ મુલાકાત વખતે આયોગમાં પોતાની કચેરીનું "ના વાંધા પ્રમાણપત્ર" (N.O.C.) રજૂ ન કર્યું હોય તો તેમણે નિમણૂક પામતા પહેલા " ના વાંધા પ્રમાણપત્ર" રજૂ કરવાનું રહેશે.

(૧૪) સદરહુ ઉમેદવારોએ અજમાયશી સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ તેમની નિમણૂક નિયમિત ધોરણે થયેલી ગણાશે.

(૧૫) આ નિમણૂક નામ. ગુજરાત હાઇકોર્ટના એલપીએ નં. ૧૧૦૫-૧૧૦૬/૨૦૧૫ અને ૧૧૦૮/૨૦૧૫ થી ૧૧૧૧/૨૦૧૫ ના આખરી ચૂકાદાને આધીન રહેશે અને ઉક્ત LPAs ના આખરી ચૂકાદા મુજબ પરિણામમાં ફેરફાર થાય અને નિમણૂક મેળવનાર ઉમેદવારના ક્રમાંકમાં ફેરફાર થાય અથવા તેના કારણે એલપીએના ચૂકાદા મુજબ જે ઉમેદવારને નિમણૂંક આપવાની થાય તેવા ઉમેદવાર માટે જે-તે જગ્યા ખાલી કરવાની થાય તો ખાલી કરવાની રહેશે. અને તે બાબતે સદરહુ ઉમેદવારોએ કોઇ હક્ક, દાવો કરી શકશે નહીં.

(૧૬) સદરહુ ઉમેદવારોની નિમણૂક ઉપર જણાવ્યા ઉપરાંત નામદાર વડી અદાલત તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતમાં પડતર રહેલ અન્ય તમામ પીટીશનોના આખરી ચૂકાદાને આધીન રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

જી.જે.દવે
સરકારના સંયુક્ત સચિવ

બિડાણ:- પરિશિષ્ટ

---

ક્રમાંક: વનમ/૧૦૦૫/૧૧૧૨/ડ.૨(ભાગ-૫)
વન અને પર્યાવરણ વિભાગ,
૧૪/૭, સરદાર ભવન.
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૧-૦૮-૨૦૧૮

પ્રતિ,

- * માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

Forests & Environment Dept.

- માન. મંત્રીશ્રી (નાણા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,સામાન્ય વહીવટ વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (આ.બા.) નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- * સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલ દરવાજા, અમદાવાદ
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી, **HRMS Cell**, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પ્રમુખશ્રી, ગુજરાત ફોરેસ્ટ રેન્જર્સ એસોસિયેશન, ટી.આર.ઓ.ભવન, અક્ષરધામ સામે, સેક્ટર-૩૦, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- સીસ્ટમ મેનેજર, વન અને પર્યાવરણ વિભાગ - વેબસાઇટ પર પ્રસિધ્ધિ સારુ.
- સંબંધિત તમામ ઉમેદવારો
- નાયબ સેક્શન અધિકારીશ્રીની પસંદગી ફાઇલ.
- પસંદગી ફાઇલ.

(અશોક સોલંકી)
સેકશન અધિકારી
વન અને પર્યાવરણ વિભાગ

* પત્રથી

Forests & Environment Dept. G. S., Gandhinagar

વન અને પર્યાવરણ વિભાગના તા.૨૧/૦૮/૨૦૧૮ ની અધિસૂચના ક્રમાંક:- ગવન/૨૦૧૮/(૪૫)/ વનમ/૧૦૦૫/૧૧૧૨/ક.૨ (ભાગ-૫) નું પરિશિષ્ટ ( પરિક્ષેત્ર વન અધિકારી વર્ગ-૨)

| ક્રમ | મેરીટ ક્રમ | ઉમેદવારનુ નામ |
|---|---|---|
| ૧ | ૮૨ | શ્રી સંજય ઇશ્વરભાઇ દેસાઇ |
| ૨ | ૮૫ | શ્રી નરેશ મંગળદાસ પટેલ |
| ૩ | ૮૭ | શ્રી કેયુર નિરંજનભાઇ પટેલ |
| ૪ | ૧૩૩ | જ્યોતિબાલા ભાનુશંકર જોષી |

જી.જે.દવે
સરકારના સંયુક્ત સચિવ

Forests & Environment Dept.